# વાસ્તવિકતાના સ્વરૂપ અંગેના ટાગોર-આઇન્સ્ટાઇન વાર્તાલાપ માટે ટિપ્પણી

બ્રાયન જોસેફસન,
૧૯૭૩માં ભૌતિકશાસ્ત્ર માટે નોબેલ પારિતોષક વિજેતા :

ટાગોર જે કહેવા માંગતા હતા તે આઇન્સ્ટાઇન સમજી શકતા ન હતા. જગત હેતુલક્ષી છે કે માનવલક્ષી છે – ચર્ચાનો મુદ્દો આ હતો. આઇન્સ્ટાઇન માનતા હતા કે વાસ્તવિકતા હેતુલક્ષી છે અને ટાગોરની માન્યતા અર્થહીન હતી. તે સમયે મારી માન્યતા એવી હતી કે આઇન્સ્ટાઇન સમજી શકતા ન હતા કે આપણે જે જોઈએ છીએ અને આપણું વિજ્ઞાન શેનું બનેલું છે તેની સમજ ઉપર આપણી ઇન્દ્રિયો અને મગજ દ્વારા થતી નિર્માણની પ્રક્રિયાની કેટલી બધી અસર છે... ટૂંકમાં કહું તો ટાગોરનો મુદ્દો – આપણું વિજ્ઞાન એ એક માનવીય પ્રવૃત્તિ છે અને આપણું બ્રહ્માંડ પણ એક માનવીય બ્રહ્માંડ હોઈ શકે જે કદાચ મહાન ધડાકા સાથે અસ્તિત્વમાં આવ્યું હશે – અનેક દલીલોથી વાજબી ઠેરવી શકાય. ટાગોર એક છબિ ઊપસાવે છે જેમાં કોઈ ઘન પદાર્થની જેમ એક આંતરિક રીતે સજ્જડ સંકળાયેલું માળખું છે જે માણસ અને ભૌતિક બ્રહ્માંડનું બનેલું છે. એ એક ખાસ માળખું હોઈ શકે જેની વિજ્ઞાનને જાણ છે. પણ બીજું કાંઈક આની પાર હોઈ પણ શકે જેને સમજવા માટે ભાવિ વિજ્ઞાનને પ્રયત્ન કરવો પડશે. (પાદટીપ-૧૧)

હું માનું છું કે ટાગોર કહે છે કે સત્ય, આઇન્સ્ટાઇન માને છે તેનાથી વધારે અસ્પષ્ટ વિભાવના છે. (પાદટીપ-૮માંથી)

ઇલ્યા પ્રિગોજિન, રસાયણશાસ્ત્ર માટે ૧૯૭૭નું નોબેલ પારિતોષક મેળવનાર :

આઇન્સ્ટાઇન અને ટાગોર વચ્ચેના સંવાદના કેન્દ્રમાં વાસ્તવિકતાના અર્થનો પ્રશ્ન હતો. આઇન્સ્ટાઇન ભારપૂર્વક કહેતા કે વિજ્ઞાન નિરીક્ષકના

અસ્તિત્વથી સ્વતંત્ર જ હોવું જોઈએ. આને કારણે તેઓ પાછા ન ફરી શકવાના ગુણ કે ઉત્ક્રાંતિની જેમ સમયની વાસ્તવિકતા સ્વીકારી શકતા ન હતા. પણ ટાગોર તો દૃઢપણે માનતા હતા કે સ્વતંત્ર સત્યનું અસ્તિત્વ જો હોય તો પણ તે માણસના મગજને માટે અગમ્ય જ રહેશે. જાણવા જેવું છે કે વર્તમાન વિજ્ઞાનનો પ્રવાહ મહાન ભારતીય કવિના અભિગમ પ્રતિ વહી રહ્યો છે. આપણે જેને પણ વાસ્તવિકતા માનીએ, તેનું દર્શન આપણે માટે તો આપણી ક્રિયાશીલ પ્રવૃત્તિમાં જ સીમિત હોય છે. (ઇલ્યા પ્રિગોજિન અને ઇસાબેલા સ્ટેંગર્સ, *ઑર્ડર આઉટ ઑફ કેઓસ : મેન્સ ન્યૂ ડાયલૉગ વિથ નૅચર*, લંડન : ફોંટાના પેપરબેક્સ, ૧૯૮૫, પા. ૨૯૩)

અબ્રાહમ પાઇસ, ભૌતિકશાસ્ત્રી અને આલ્બર્ટ આઇન્સ્ટાઇન અને નીલ બોરના ચરિત્રકાર :

માણસથી સ્વતંત્ર સત્યની પોતાની દૃઢ માન્યતાને કારણે આઇન્સ્ટાઇને પાછળથી ‘હેતુલક્ષી વાસ્તવિકતા’ એવો શબ્દપ્રયોગ યોજ્યો હતો. ટાગોર આ દૃષ્ટિકોણ સ્વીકારી શક્યા ન હતા. આધુનિક ભૌતિકશાસ્ત્રીઓ પણ આ દૃષ્ટિકોણ સ્વીકારતા નથી. પણ તેમના અસ્વીકારનાં કારણો જુદાં છે. આ જ વાત આઇન્સ્ટાઇન અને નીલ બોરના સંવાદના કેન્દ્રમાં હતી. આપણા જેવા ઘણા બધાની જેમ નીલ બોર પણ આઇન્સ્ટાઇન સાથે સંમત ન હતા. તેમની અસંમતિ ફિલૉસૉફિકલ નહીં, પણ ભૌતિક કારણો અંગે હતી. (પાદટીપ-૫, પા. ૧૦૫)

જે. એન. મોહાંતી, સુવિખ્યાત ફિલસૂફ :

૧૪ જુલાઈ, ૧૯૩૦ના દિવસે આઇન્સ્ટાઇનના ઘરે થયેલા તેમની અને ટાગોર વચ્ચેના સંવાદોમાં માત્ર તેમના મતભેદ નહીં, પણ તે મતભેદની તીવ્રતાની વાત નોંધવા જેવી છે. હું માનું છું કે ટાગોર એક ફિલૉસૉફર તરીકે સારી છાપ ઊપસાવે છે, જોકે તેમનો અભિપ્રાય તો તેમની મેન

ધ ઇટર્નલની છેતરામણી ભાષામાં જ પ્રસ્તુત જોવા મળે છે. (પાદટીપ-૧૦, પા. ૫૩)

બિમલ કૃષ્ણ મતિલાલ, સુવિખ્યાત ફિલૉસૉફર :

ભલે આપણે આપણા ભૌતિકવાદી દૃષ્ટિકોણથી ન સ્વીકારીએ પણ એ વાત સાચી જ છે કે અજાણતાં પણ આપણી દૃષ્ટિ પર આપણી કલ્પનાની અસર પડે જ છે. આઇન્સ્ટાઇનની જગત જોવાની દૃષ્ટિ વૈજ્ઞાનિકની જ હોય અને વિજ્ઞાનને અનુરૂપ જ હોય. તેમનો દૃષ્ટિકોણ માનવીને કેન્દ્રમાં રાખતા દૃષ્ટિકોણથી વિરુદ્ધ જ હોય. આવા દૃષ્ટિકોણને – જેને અનુસરતા વૈજ્ઞાનિકો પોતાનું જીવન ન્યોછાવર કરી દેતા હોય છે અને જેના કારણે કેવી વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિક પ્રગતિ થઈ છે – સામાન્ય ગણીને તેની અવહેલના ન કરાય. ટાગોર પણ તેમ કરવા માગતા ન હતા. તેનો સ્વીકાર કરીને તેઓ એમ કહેવા માગતા હતા કે આ બધામાં પણ માનવીની આશા અને આશ્રયને અવકાશ છે. જો તેમ ન હોય તો જગતને જોવાની આ રીત રંગહીન, અર્થહીન, હેતુહીન, લક્ષ્યહીન, કરુણાહીન, સિદ્ધાંતહીન અને અનૈતિક તેમ જ સૌંદર્યહીન બની જાય. (અનુવાદ, સંપાદકનો)

(દેશ, સાહિત્ય સંખ્યા, ૧૯૯૧, પા. ૫૫-૫૬)

# મારી આઇન્સ્ટાઇનની યાદો
# - રવીન્દ્રનાથ ટાગોર

યુદ્ધ પછી પહેલી વાર જ્યારે હું જર્મની ગયો હતો ત્યારે હું આઇન્સ્ટાઇનને મળ્યો હતો. તેમની સાદગીથી હું અત્યંત પ્રભાવિત થયો હતો. મને તે જરાય અક્કડ જણાયા ન હતા – તેમનામાં બૌદ્ધિક અતડાપણું પણ મને દેખાયું નહોતું. મને લાગ્યું હતું કે તેઓ માનવીય સંબંધોનું મૂલ્ય સમજતા હતા. તેમણે મારામાં સાચો રસ લીધો હતો અને મને સમજવાનો પ્રયત્ન કર્યો હતો.

આપણાં આધુનિક જીવનમાં આધુનિક ઔદ્યોગિક વિકાસથી સહાય થાય છે કે નહીં અને તે અંગે હું શું માનું છું તેની ચર્ચા અમે તે સમયે કરી હતી એવું મને યાદ છે. મેં તેમને તે સમયે જણાવ્યું હતું અને આજે પણ માનું છું કે આપણી ભૌતિક ક્ષેમ-કુશળતા માટે તેની જરૂર છે અને જ્યારે એ વિકાસ પર અંકુશ સંભવિત નથી ત્યારે માણસની ચતુરાઈથી તેની જરૂરિયાતોને કારણે ઉદ્‌ભવતા વિકાસનો ઉપયોગ આપણે સમજીને કરવો જોઈએ. આપણે સંસ્કૃતિના વિકાસની એવી પરિસ્થિતિએ પહોંચી ગયા છીએ કે આપણે આપણી આંગળીઓથી ખોતરતા કે ખણતા પણ નથી; આપણાં અંગોની નબળાઈને પહોંચી વળવા આપણે બુદ્ધિથી વિકસાવેલાં યંત્રોનો ઉપયોગ કરીએ છીએ. આઇન્સ્ટાઇન અને હું, બંને સરખા મત ધરાવતા હતા કે કુદરતના ભંડારનો ઉપયોગ કરીને આપણે યાંત્રિક શોધખોળ કરવાનું જરૂરી હતું.

ગયા ઉનાળામાં હું ફરીથી જર્મની ગયો ત્યારે મને બર્લિન પાસે કપૂથમાં આવેલા આઇન્સ્ટાઇનના ઘરે તેમને મળવાનું આમંત્રણ હતું. એક ટેકરી પર એકાંતમાં પ્રોફેસરનું સુંદર ઘર હતું. તે મને મળવા નીચે રસ્તા પર આવ્યા હતા. તેમનો સફેદ વાળનો જથ્થો, તેજસ્વી આંખો, ફરી એક વાર હું તેમની ઉષ્માસભર રીતભાતથી પ્રભાવિત થઈ ગયો હતો.

ભૂમિતિ અને ગણિતના નિયમોની સાથે કામ કરતા માણસનું માનવતા સભર ચરિત્ર મને સ્પર્શી ગયું. ધીરેધીરે અમે ટેકરી ચડી ગયા અને તેમના વારંડામાં બેસી બપોરની ચા પીધી. અમારી વચ્ચેની પરસ્પરને માટે રહેલી

સહાનુભૂતિ માત્ર ભાષાની દીવાલને કારણે થોડી પ્રતિકૂળ થતી હતી. વાર્તાલાપ માટે તેમનું અંગ્રેજી સક્ષમ ન હતું અને મને જર્મન આવડતું ન હતું. અમારી વચ્ચેના દુભાષિયાનું કામ સહેલું ન હતું.

મે ૧૯૩૦માં મેં ઑક્સફર્ડમાં ભાષણો આપ્યાં હતાં. તેના ઉપર આધારિત એક પુસ્તક હું તૈયાર કરી રહ્યો હતો. તેનું શીર્ષક હતું, 'ધ રિલિજિયન ઑફ મેન'. મારા મનમાં તેના જ વિચારો ચાલ્યા કરતા હતા.

આઇન્સ્ટાઇનની કલાકાર દીકરી, માર્ગરેટ, અમારી સાથે રશિયા ગઈ હતી. ફરી ઉનાળામાં હું પ્રોફેસરને મળ્યો – આ વખતે કેન્સરની શોધખોળમાં વ્યસ્ત ડૉ. મેન્ડેલના ઘરે. ફરી એક વાર હું આઇન્સ્ટાઇનની સહજ નમ્રતા જોઈ શક્યો. તેમનું મગજ મુખ્યત્વે સંગ્રહશીલ છે. ગણિતના પ્રશ્નો અંગે તેમની સાથે ચર્ચા કરવા હું અસમર્થ હતો પણ અમે ઘણી ચર્ચા કરી હતી જે વાસ્તવિકતાની માનવીય અને અમૂર્ત વિભાવનાની સીમારેખા પર પહોંચતી હતી.

હું તરત જ સમજી શક્યો હતો કે આઇન્સ્ટાઇન માનતા હતા કે મારું બ્રહ્માંડ માનવીય વિભાવનાથી સીમિત હતું અને તેમને ખાતરી હતી કે માનવીય મતિથી સ્વતંત્ર કોઈ સત્યનું અસ્તિત્વ છે. મારો દાવો છે કે વ્યક્તિને એવા દિવ્ય પુરુષ સાથે સંબંધ છે જે આપણી અંદર તેમ જ બહાર રહેલો છે. આપણો ધર્મ વૈશ્વિક ન હોઈને પણ તેને આપણા સારા-નરસાના આદર્શો ધરાવતા જીવંત અંગત અસ્તિત્વ સાથે નિસબત છે. વિજ્ઞાન નૈતિક અને સૌંદર્યશીલ સ્વરૂપ વચ્ચે ભેદ જોતું નથી અને માત્ર અસ્તિત્વના પાસા તરફ જ દૃષ્ટિ રાખે છે. વિજ્ઞાનને વ્યક્તિત્વ સાથે કોઈ જ નિસબત નથી. બીજી બાજુ ધર્મને અમૂર્ત સત્યના જ્ઞાન સાથે બિલકુલ નિસબત નથી.

ઘણી વાર એમ કહેવામાં આવે છે કે આઇન્સ્ટાઇન એકલા પડી ગયા છે. ગણિતશાસ્ત્રનાં પ્રતીકો મગજને ક્ષુદ્ર બાબતોમાંથી મુક્ત કરવામાં મદદ કરતાં હોવાની બાબતે તે એકલા હોઈ શકે છે. તેમના સિદ્ધાંતને અનુભવાતીત ભૌતિકવાદ (ટ્રાન્સેન્ડેન્ટલ મટીરિયાલિઝમ) કહી શકાય, જે વૈયક્તિક જગતના ગૂંચવાડાથી અલિપ્ત અધ્યાત્મશાસ્ત્ર (મેટાફિઝિક્સ)ની સીમા સુધી પહોંચે છે. મારે માટે વિજ્ઞાન અને કલા આપણા આધ્યાત્મિક સ્વરૂપની અભિવ્યક્તિ છે

જે શારીરિક જરૂરિયાતોથી પર છે અને પરમ મૂલ્ય ધરાવે છે.

મારા 'રિલિજિયન ઑફ મેન' અંગે અમે ઘણી લાંબી અને ગંભીરતાપૂર્ણ વાતો કરી. આઇન્સ્ટાઇન પ્રશ્નો પૂછવામાં નિષ્ણાત છે. તેઓ મારા વિચારોને પોતાની સંક્ષિપ્ત ટીકાઓથી અટકાવતા અને તેમના પ્રશ્નોથી હું તેમના વિચારોના પ્રવાહને અનુસરી શકતો હતો. તેમણે જેને મારી 'બ્રહ્માંડની શુદ્ધ માનવીય વિભાવના' માની હતી, તેનું વિગતવાર અર્થઘટન કરવા મને કહ્યું હતું. એ એક સાદી અને અદમ્ય વિભાવના છે. આપણી ઇન્દ્રિયોથી અનુભવાતું કે પછી તર્કથી ફલિત થતું જગતનું સત્ય, પોતાની સમગ્ર મર્યાદાઓથી સીમિત માનવીય મતિ પર અવલંબે છે. તેની વૈશ્વિક મતિ સાથેની સંવાદિતા, એ એક અભિવ્યાપી (કોમ્પ્રિહેન્સિવ) દૃષ્ટિકોણ છે અને તે જ આપણી માન્યતાનું કારણ છે. પણ તે દૃષ્ટિકોણ માનવીય છે તેમ જ આપણી સમજપૂર્વકની માન્યતા છે. વૈશ્વિક મતિનું માનવીય ચરિત્ર માત્ર સંપૂર્ણતામાં છે.

સંપૂર્ણ માનવી એટલે માનવતાની અસીમતા. અર્થાત્ ભાવિ એટલે માત્ર લંબાયેલો વર્તમાન. ભૌતિક બ્રહ્માંડની સાથે નૈતિક સંપૂર્ણતા પણ હોય છે. આપણી અંદર રહેલું કાંઈ આપણને સંપૂર્ણ પ્રતિ દોરી જાય છે. તેની મોહિનીની અસર વાઘ પર નથી થતી. પણ જ્યારે અસંસ્કૃત વ્યક્તિ પોતાની પહેલી કલાત્મક આકૃતિ રચે છે ત્યારે તે પોતાની જાતને અતિક્રમવાનો, પોતાની સીમાઓનો વ્યાપ વધારવાનો પ્રયત્ન કરતો હોય છે. આ પ્રયત્નનું લક્ષ્ય દૂર હોય છે. વાઘ પોતાની ક્ષેમકુશળતાથી સંતુષ્ટ હોય છે, પણ માણસમાં કાંઈ એવું છે જે તેનું વ્યક્તિત્વ, તેનું આંતરિક અસ્તિત્વ, વિકસાવે છે અને વધુ સાહસ પ્રતિ પ્રેરે છે. જો આંખ મીંચીને ખાંખાંખોળા જ કરવાના હોત તો આપણે સંપૂર્ણતાના લક્ષ્ય તરફ પહોંચવાની ઇચ્છા જ રાખી ન હોત. હું જોઈ રહ્યો છું કે અનેક મૂર્ખતાભરી ભૂલો કરવા છતાં માણસની પ્રગતિ એક અર્થપૂર્ણ ઉચ્ચ સ્તરે પહોંચી છે. માનવતાની ગતિ ગાંભીર્યના કેન્દ્ર પ્રતિ છે અને આ કેન્દ્ર છે મહાન આધ્યાત્મિક માનવ.

જગતથી વિચ્છિન્ન દિવ્ય તત્ત્વમાં હું માનું છું કે નહીં તેનો જવાબ આઇન્સ્ટાઇનને આના દ્વારા મળ્યો હશે એમ હું માનું છું. હું માનું છું કે મહાન આધ્યાત્મિક માનવના સત્યમાં જ આપણો સમાવેશ થયેલો છે. આ

સત્ય પૂરેપૂરું સમજાયું નથી પણ તેનું અસ્તિત્વ છે અને તે આંતરિક અને બાહ્ય પરિમાણોમાંથી અનુભવાય છે. આપણી શોધમાં સૌથી વધુ આવેગ જ્ઞાતને માટે નહીં પણ અજ્ઞાતને માટે હોય છે.

અજ્ઞાતની મનોકામના સેવવી તે માણસની લાક્ષણિકતા છે. આ શોધ તેને માટે અર્થપૂર્ણ ન હોત તો તેનું આકર્ષણ તેને મૂર્ખામી પ્રતિ દોરી જાત. અજ્ઞાતની શોધમાં વિજ્ઞાન પ્રગતિને પંથે આગળ વધ્યું છે એ વાત નિર્વિવાદ છે. અમીબા સતત પુનરાવર્તનમાં ફર્યા કરે છે, જ્યારે માણસની ક્રમિક ગતિ હંમેશાં હેતુલક્ષી વાસ્તવિકતા પ્રતિ હોય છે. તેને ન દેખાતા પણ અસ્તિત્વ ધરાવતા સત્યના સાદમાં તેની માન્યતા તેની ધરીને સ્થિર રાખે છે. આ વૈશ્વિક માનવનો વ્યક્તિને સાદ છે અને તે જ આપણને વૈશ્વિક માનવ પ્રતિ દોરી જાય છે. તેને ન સાંભળવાથી પ્રાણીઓ સુખમાં રહે છે; માણસ સુખી ન હોઈને પણ સાહસ માટે આતુર છે.

આઇન્સ્ટાઇને પૂછ્યું હતું, 'તો માનવીય અસ્તિત્વની અનુભૂતિ આ છે?' તે સમજી ગયા હતા કે હું અસ્તિત્વના વૈશ્વિક સત્યને એક અમૂર્ત ભાવના તરીકે નહીં પણ વ્યક્તિત્વ સાથે સંકળાયેલી આધ્યાત્મિક વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું. કારણ કે આવા સત્યનું મૂલ્યાંકન આપણા અસ્તિત્વની ગરિમામાં, આપણી આંતરિક ધન્યતાની અનુભૂતિમાં તેણે કરેલા યોગદાનથી થઈ શકે. હું માનું છું કે આ જ છે ધર્મનો સાદ.

કવિ હોવાથી હું શબ્દાલંકારોનો ઉપયોગ કરું છું. અનંત અસ્તિત્વ એક બંસરીવાદક જેવું છે. સૌંદર્ય અને પ્રેમના સંગીતથી આપણે આપણી સ્વકેંદ્રિત સીમાઓમાંથી બહાર આવીએ છીએ. અનંત અસ્તિત્વના સૂરોમાં સંભળાતા સત્યના મધ્યવર્તી આદર્શને કારણે આપણે આપણી જાતનું બલિદાન આપીને બીજામાં રહેલા આપણા સત્યને જોઈએ છીએ અને બીજામાં રહેલી આપણી વાસ્તવિકતા સાથે વધારે આત્મીયતા અનુભવીએ છીએ. બધી જ વસ્તુઓની વચ્ચે એક પ્રેમનો શાશ્વત નિર્ઝર હોય છે. આવું જ સત્યનું છે. સંપૂર્ણ થતાં મધ્યવર્તી સત્યની નજીક આવવું એ જ આપણી ઉત્ક્રાંતિનો અર્થ. પણ આ સત્ય માનવીય મતિ સાથે સંવાદિતામાં છે. જો તેમ ન હોત તો તે આપણી સમજની બહાર જ રહેત. જેને આપણે જાણીએ છીએ કે ક્યારેક જાણીશું,

જે ભૌતિક હોય કે આધ્યાત્મિક હોય, તે સત્યનો સંબંધ આપણી જાણવાની મતિ સાથે છે. હું એમ નથી કહેતો કે આપણી બૌદ્ધિક ક્ષમતાની બહાર કોઈ સત્ય હોઈ જ ના શકે પણ આપણે માટે તેનું અસ્તિત્વ નહીંવત્ છે.

હું જોઈ શકતો હતો કે આઇન્સ્ટાઇન માનવીથી સ્વતંત્ર સત્યની વિભાવનાને વળગી રહ્યા હતા. પણ મને ખાતરી છે કે માનવીય તર્કમાં હકીકતો સત્યનું એવું ઐક્ય ધારણ કરે છે કે જે માત્ર માનવીય મતિ માટે જ શક્ય હોય. તર્કશાસ્ત્ર માનવીય મતિનો વિષય છે પણ હું આપણા સિવાયની મતિને માટે આપણાથી જુદા તર્કશાસ્ત્રની કલ્પના કરી શકું છું. તેથી જ્યારે આઇન્સ્ટાઇન પાયથાગોરસની ભૂમિતિની વાત કરે છે ત્યારે હું એવા અસ્તિત્વની કલ્પના કરું છું જ્યાં સ્થળ નહીં પણ સંગીતમાં હોય છે તેમ, કાળનું – સમયનું – મહત્ત્વ હોય. મતિ સ્થળની વિભાવના વિના માત્ર સમયમાં જ સીમિત રહે તે અશક્ય નથી. આવી મતિ માટે સંગીતમાં હોય છે તેવું અસ્તિત્વ હોઈ શકે.

તેમ છતાં, હું માનું છું કે ધર્મનું કામ વ્યક્તિને તર્ક, પ્રેમ અને અલબત્ત પરમ માનવ – વૈશ્વિક અસ્તિત્વ – સાથે, સંવાદિતામાં રાખવાનું છે.

ઑગસ્ટ ૧૯૩૦માં અમે ફરી મળ્યા. હું તાજો જ કોબ્લેન્ઝથી આવ્યો હતો. ત્યાં યુવાનોનું આંદોલન પુરજોશથી ચાલતું હતું. ૧૯૨૧માં હું હાઇડેલબર્ગના યુવાન વિદ્યાર્થીઓને મળ્યો હતો અને મુશ્કેલીઓને કારણે પેદા થયેલી તેમની દયનીય પરિસ્થિતિથી વાકેફ હતો. તેમણે મને કહ્યું, 'અમને અમારા જૂના શિક્ષકોમાં વિશ્વાસ નથી રહ્યો.' મને થયું કે એ તો તેમને માટે સરસ સમય હતો. જેમણે માર્ગદર્શન આપ્યું હતું અને હવે તેમણે વિશ્વાસઘાત કર્યો હતો, તેમની સામે આ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો. તેમને આંતરિક પ્રેરણાથી ભાવિનું ઘડતર કરવું હતું. એવું ભાવિ કે જે નિષ્ફળતા તરફ દોરી જતી ભૂતકાળની પરંપરાથી મુક્ત હોય. યુવાનો એક નવઘડતરના સાહસનો આરંભ કરી રહ્યા હતા. તેઓ જાણે કોઈ સંમોહિનીની અસર નીચે કામ કરી રહ્યા હતા. તેમને જોઈતી હતી સ્વતંત્રતા. બીજા યુવાનો કરતાં જર્મન યુવાનોમાં આ ઇચ્છા વધુ પ્રબળ હતી. સંસ્કૃત માણસનો ઉદ્ધાર હું જેમાં ઘણા સમયથી જોઈ રહ્યો હતો તે જ આ યુવાનોને પણ લાગતું હતું – તેના જોશ અને ઉત્સાહ

માટે જ આપણે જોઈએ આદિજાતિનું જીવન. ફરી એક વાર આપણે આપણા હાથથી માટીનો સ્પર્શ કરવો જોઈએ. એક સાદું જીવન, પોતાની મરજીથી પ્રકૃતિના ખોળે પ્રત્યાગમન – તેની સાથે રહેલાં બર્બરતા, જંગલિયત અને અસંસ્કૃત આચાર વિના. સંસ્કૃતિ પણ કંટાળતી હોય છે અને મેં કોબ્લેન્ઝમાં જોયું કે ધરતીમાતાને ખોળે પ્રત્યાગમન કરવાથી યુવાનોનાં હૃદય જીતી લેવાયાં હતાં. પ્રકૃતિનાં માતા સમાન સ્પર્શથી જર્મનીમાં યુવક આંદોલનમાં પ્રાણ પુરાયો હતો. સંસ્કૃતિથી વ્યવહારદક્ષ થઈ શકાય પણ તેનાથી શાણપણ ન આવે. ૧૯૨૧માં નિરાશ અને નાસીપાસ થઈ ગયેલા આ યુવાનો આજે જીવનના સાચા ઉદ્દેશની આનંદપૂર્ણ અનુભૂતિમાં તરબોળ થઈ ગયા હતા. યંત્રનો ઉપયોગ અને મૂલ્ય જાણવા છતાં તેમણે પોતાની મરજીથી કેટલીક આદિ માનવીય પદ્ધતિનો સ્વીકાર કરીને જીવનના નવઘડતરનો આરંભ કર્યો હતો.

તે ઉનાળામાં થોડા જ સમય પહેલાં હું માંદો પડ્યો હતો. શક્ય છે કે તેને કારણે આઇન્સ્ટાઇન આવા ગહન વિષયો અંગે થોડી હળવી વાતો કર્યા પછી મને તેમાંથી બહાર લઈ આવ્યા હોય. પછી અમે નીચેની વાતો કરી જેની તે સમયે હાજર રહેલા એક મિત્રે નોંધી લીધી હતી.

# રવીન્દ્રનાથે આઇન્સ્ટાઇનને લખેલા પોસ્ટકાર્ડ

શાંતિનિકેતન
સ્થાપના દિવસ
૭ મિ પોષ, ૨૨ ડિસેમ્બર, ૧૯૨૯

પ્રતિ : ડૉ. આલ્બર્ટ આઇન્સ્ટાઇન

મારી શુભેચ્છા.

રબીન્દ્રનાથ ટાગોર

મારા વંદન તેને
જે જાણે છે મને અપૂર્ણ (ઇમ્પર્ફેક્ટ)
અને ચાહે છે.

•

મે ૬, ૧૯૩૧
શાંતિનિકેતન

એ જ સૂર્ય નવ જન્મ લેતો
નિતનવા પ્રદેશે
અંતહીન પ્રભાતોના વર્તુળમાં.

રબીન્દ્રનાથ ટાગોર